# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૨ • સળંગ અંક ૮૫ • મુંબઈ • ડિસેમ્બર ૨૦૧૩ • પાના ૨૦

છૂટક નકલ રૂા. ૨/-     RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## સમાજસેવા પરત્વે સમર્પિત અદ્વિતીય દાન
## બનાવશે સમૃધ્ધ સમાજ અને વિસ્તરશે વિકાસની ક્ષિતિજ
## શ્રી પાટણ જૈન મંડળને ૧૦૧ વર્ષના ઈતિહાસમાં
## સૌથી મોટી એક સાથે પ્રાપ્ત થયેલ

# રૂા.૧,૦૧,૧૧,૧૧૧/-

(એક કરોડ એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર)ની

## અભૂતપૂર્વ સખાવત



દાતા પરિવાર : **શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ** (ઢંઢેરવાડો)

હસ્તે : પુત્રો : તુષારભાઈ, જયેશભાઈ   પુત્રવધૂઓ : ચારૂબેન, દીપ્તિબેન

રૂા.૬૧,૧૧,૧૧૧/- શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો)મેડીસીન (દવા) સહાય યોજના ફંડ

રૂા.૪૦,૦૦,૦૦૦/- શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ પરિવાર (ઢંઢેરવાડો) પબ્લીક સીકબેડ સેન્ટર-મરીન ડ્રાઈવ, ગોરેગામ અને બોરીવલી

દાતા પરિવારની ઉદાત્ત ભાવનાસહ સમર્પિત થયેલ આ માતબર દાનને ભૂરિ ભૂરિ અનુમોદના. આ ઉપરાંત દાતા પરિવારની સંસ્થામાં યોજનાઓ કાર્યરત છે, જે જણાવતાં ઘણો જ આનંદ થાય છે.

શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ સીનીયર સીટીઝન - વૃધ્ધજન સહાય ફંડ

શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર શાહ એન્જીનીયરીંગ એજયુકેશન સહાય ફંડ

# પ્રમુખસ્થાનેથી...-

સ્નેહી સ્વજન,,
જય જિનેન્દ્ર!!

જિંદગીના ચોપડે સમય સરકતી રેતી છે,
હકારાત્મક વિચાર જ સમયની ખેતી છે;
સદાચારનો પાક લણવા તું નિત્ય વિચાર,
હે માનવ! તું સર્વદા હકારાત્મક જ વિચાર!

સ્વપ્ન અને જાગૃતિની બેવડી સ્થિતિમાં માનવીએ ઝીલેલી પ્રતીતિ સાક્ષાતકાર જીવનનો ઝણકાર અને રણકાર બને છે, જે સર્જકતાના અનુભવપિંડની તરલ માધુરી બની મહેકે છે. મઝધારના તળને તાગવા નાની એવી દીવડીને મહાજયોતમાં સમાવવામાં જ માનવ જાતનું શ્રેય છે. આપણી આંતરિક ઘટના એક અનુભૂતિનો વિસ્તાર બને છે. ઉત્કટતા અને અભિલાષાની પરમ પરિસ્થિતિનું આપોઆપ નિર્માણ થાય તે માટે આપણે જ નિઃસ્વાર્થ કાર્યમાં વિશ્વાસ અને શ્રધ્ધા રાખી પ્રમાણવું રહ્યું.

ભદ્ર સંસ્કૃતિની દીપ્તિ ધરાવતા આપણે બાળકોને અકાળે પૌઢ બનાવતી દીવાલોની સ્તબ્ધતાને જોજનો દૂર રાખવી આવશ્યક છે. આપણી વૃત્તિ અને વિચારશૈલી તરફ લાલબત્તી ધરવાનું મન થાય છે. કયાંક આવી ઘટનાઓ માણસાઈના દીવા સંકોરી તો નહીં જાયને! વિશુધ્ધ વિવેક વિચાર, વિસંગતિઓ અને વિકૃતિઓ વેદનાના વિકલ્પો આપણાં પગ નીચેથી જમીન સેરવે તે પહેલાં મનોમંથન જરૂરી છે. અજ્ઞાત અસ્તિત્વ ધરાવતી આંતરવેદનાને અધ્યાત્મ દૃષ્ટિ તરફ વાળવાના પ્રયત્નો કરી વાસ્તવિકતાને સ્વીકારીએ.

**એક અદ્વિતીય સખાવત :**

શ્રી પાટણ જૈન મંડળની ૧૦૧ વર્ષોની સર્વોત્કૃષ્ટ ઉપલબ્ધિનો આનંદ સૌના મુખાર્વિંદ પર દર્શીત થાય છે. ઢંઢેરવાડા હાલ મરીન ડ્રાઈવ સ્થિત સ્વ.શ્રી પ્રવીણભાઈ કેશરીચંદ જેશીંગલાલ શાહ પરિવાર દ્વારા તેમજ સુપુત્રો શ્રી જયેશભાઈ તથા શ્રી તુષારભાઈ દ્વારા શ્રી પાટણ જૈન મંડળને રૂા.૧,૦૧,૧૧,૧૧૧/- ની સખાવત આપી ઈતિહાસ રચ્યો છે. સંસ્થાના ૧૦૧ વર્ષના ઈતિહાસમાં એક સાથે મળેલ આ અદભુત સખાવતનો સમાજ ઋણી રહેશે.

તા.૧૪-૧૧-૨૦૧૩ ના રોજ મુંબઈ મુકામે અરિહંત શરણ પામેલ શ્રી પ્રવીણભાઈ કેશરીચંદ શાહે વર્ષો પૂર્વે મુંબઈમાં માત્ર ૬૦ રૂપિયાના પગારે કારકીર્દિનો આરંભ કર્યો હતો. જીવનભરના પુરૂષાર્થે સમસ્ત પરિવારને સક્ષમતા મળી અને પ્રારબ્ધે યારી આપી. શ્રી પ્રવીણભાઈને પટણી હોવાનું ગૌરવ અને ગર્વ હતો. તેઓની વિચારધારા પારદર્શક હતી અને તેઓ માનતા, ક્ષમતા અનુસાર સમાજોપયોગી કાર્ય કરવું એ આપણાં સૌની નૈતિક જવાબદારી છે.

સહયોગ, સમર્પણ, સાધના, સમાધાન, સહિષ્ણુતા, સંપ, સસ્કાર અને સ્નેહ જીવનને જીવંત બનાવે છે. સિધ્ધિ અને સમાધિ અપાવે છે. આ સમસ્ત પરિવારમાં એક સુરૂચિપૂર્ણ શાલીન વ્યકિતત્વ છતું થાય છે. તેઓના સ્વભાવમાં સજ્જનતા, સૌમ્યતા, સુસંસ્કૃત અભિજાત્ય નીતરતું નજરે ચઢે છે. નોંધનીય છે કે, સંસ્થાના કોઈપણ કાર્યકર વ્યકિતગત લાભ માટે કાર્ય કરતા નથી. આપ સૌને અમારી નમ્ર વિનંતી છે કે આપ સૌ પણ યથાશકિત ફરજ નિભાવવાના પ્રયત્નો કરશો.

સંસ્થા પ્રત્યેની ઋણ અદાયગી રૂપે તેમના સુપુત્રોએ તેમની યાદમાં સંસ્થાની સીકબેડ પ્રવૃત્તિ અને દવા સહાય પ્રવૃત્તિ માટે રૂા.૧,૦૧,૧૧,૧૧૧/- ની અદભુત સખાવત જાહેર કરી છે. સમાજના કોઈપણ કાર્યમાં તેઓ સદૈવ પ્રેરણારૂપ રહેતા અને હકારાત્મક અભિગમ ધરાવતા, સંસ્થા આવા અપૂર્વ યોગદાન બદલ સમસ્ત દાતા પરિવારની દીર્ઘદૃષ્ટિને બિરદાવી આભારની લાગણી સાથે અનુમોદના વ્યકત કરે છે.

**શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ :**

બદલાતા જતા સમય અને સંજોગો અનુસાર ઉકત અતિથિગૃહ, પાટણનું નૂતનીકરણ આવશ્યક બન્યું છે. સંસ્થાની વિનંતિને માન આપી અતિથિગૃહ રીનોવેશનના મુખ્ય દાતા શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ (કનાસાનો પાડો) રૂા.૧૦,૦૦,૦૦૦/- ની સખાવત પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત સંસ્થાના વયસ્ક સભ્ય શ્રી ચંપકલાલ કેશવલાલ શાહે(ખેતરવસી) સંસ્થા પ્રત્યેની ઋણ અદાયગી રૂપે સાધર્મિક સહાયાર્થે રૂા.૫૦,૦૦૦/- તથા મેડીકલ સહાયાર્થે રૂા.૫૦,૦૦૦/- નું દાન આપેલ છે. સંસ્થા બન્ને મહાનુભાવો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરે છે.

**મંડળની વેબસાઈટ નવા સ્વરૂપે કાર્યરત :**

મંડળની વેબસાઈટ www.patanmandal.org નવા સ્વરૂપે અને નવા વસતિપત્રકની વિગતો સાથે કાર્યરત છે. મંડળની વિવિધ સહાય શિક્ષણ, મેડીકલ, આર્થિક, દવા રાહત, સમાજ ઉત્કર્ષ વગેરેના ફોર્મસ હોમ પેજ પરથી (Download Form પરથી) ડાઉનલોડ કરી શકાશે. આ ફોર્મ ભરી, સ્કેન કરી મંડળને ઈમેલ કરવાનો રહેશે. મંડળ સહાય મેળવનારના ખાતામાં રકમ જમા કરાવશે. સહાય મેળવનારે મંડળની ઓફીસમાં આવવું નહીં પડે.

તેવી જ રીતે મંડળમાં દાન આપવા ઈચ્છતા દાતાઓને મંડળની વિવિધ યોજના અને જરૂરિયાતની સંપૂર્ણ માહિતી Activites તેમજ Get-involved ના વિભાગમાં મળશે. મંડળના વિવિધ ફંડની માહિતી Donation-Funds વિભાગમાં મળશે. Sahay-Help વિભાગમાં સહાય માટેની ગાઈડ લાઈન્સ, ગયા વર્ષે તેમજ ચાલુ વર્ષની સહાયની વિગતો મળશે.

નવા વસતીપત્રકની સંપૂર્ણ માહિતી Vastipatrak વિભાગમાં મળશે. તમારી જરૂરિયાત પ્રમાણે માહિતીનું નામ-મહોલ્લા, એરિયા, ઉંમર, પરણીત, અપરિણીત, બ્લડ ગ્રુપ, જ્ઞાતિ વગેરે પ્રમાણે માહિતીનું વર્ગીકરણ (Sorting) પણ કરી શકાશે. તમારા નામ-સરનામા કે અન્ય વિગતમાં હાલમાં કે ભવિષ્યમાં ફેરફાર કરવા હોય તો મંડળને લેખિતમાં જાણ કરશો. દરેક વિભાગ પર સરળતાથી જઈ શકાય તે માટે હોમ પેજ પર લાલ પટ્ટીના જુદા જુદા વિભાગની લીંક આપી છે.

વેબસાઈટને વધુ ઉપયોગી બનાવવા માટે આપના સલાહસૂચન આવકાર્ય છે.

**ફીઝીયોથેરાપી મેડીકલ કેમ્પ :**

શ્રી પાટણ જૈન મંડળની વિકલાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા પાટણ ખાતે સાર્વજનિક ફીઝીયોથેરાપી મેડીકલ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં

આવેલ. જેનો સંપૂર્ણ ખર્ચ લગભગ રૂપિયા બે લાખ, સમાજના એક સદ્દગૃહસ્થ તરફથી પ્રાપ્ત થયેલ, તે બદલ તેમનો આભાર, તેમજ મજકુર કેમ્પના સફળ આયોજન માટે તેના માનદમંત્રીઓ, શ્રીમતી પ્રમીલાબેન ભદ્રકુમાર શાહ, શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ તથા શ્રી ભદ્રકાંત પ્રેમચંદ શાહને અભિનંદન આપી બિરદાવું છું.

**વિરલ સન્નારીની વસમી વિદાય :**

વિલ દ્વારા શ્રી પાટણ જૈન મંડળને વારસદાર બનાવનાર વિરલ વ્યકિતત્વના સ્વામિની **શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા (મનમોહનજીની શેરી)**નું માગસર સુદ ૭ ને તા.૯-૧૨-૨૦૧૩ ના રોજ મુંબઈ મુકામે અવસાન થયેલ છે. જે સખેદ નોંધ લઈએ છીએ. સંસ્થાને મેમોરીયલ ફંડ અંતર્ગત વિલની રૂએ રૂા.૧૦ કરોડથી વધુની સંપત્તિ સમર્પિત કરનારને શ્રધ્ધાંજલિ સહ ભૂરિ ભૂરિ અનુમોદના.

વાત્સલ્યમયી **શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા** એકાકીપણાની વ્યથા અને ગાથાને વાચા આપતા વેદના અને સંવેદનાના એકાકી પંથકના સ્વામિની હતા. તેમનો જીવન પ્રવાસ સાતત્ય અને સમતાથી છલોછલ હતો. હસતા રમતા ચહેરા પાછળ વણકહી વેદના સંઘરાયેલી હતી. આટલી જૈફ વયે પણ તેમનું સૌષ્ઠવ અનેરૂ હતું. તેમની રીતે જ તેમની ઈચ્છા મુજબ તેમનું પાછળનું જીવન જીવી શકયા તે માટેના આપણાં સતત પ્રયત્નો હતા અને તેમણે પણ તેનો આત્મસંતોષ હતો. સ્વર્ગસ્થની અંતિમ યાત્રા સમયે સંસ્થાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને સભ્યોઉપસ્થિત રહયા હતા.

સંસ્થાના માજી ઉપપ્રમુખ અને માનદમંત્રી **શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા)** નું ૭૭ વર્ષની જૈફ વયે તા.૧-૧૨-૨૦૧૩ ના રોજ થયેલ દુઃખદ નિધનની સંસ્થા આઘાતની લાગણી સાથે નોંધ લે છે. સદ્દગતના પરિવાર ઉપર આવી પડેલ કઠોરાઘાત સહન કરવાની પ્રભુ શકિત આપે એ જ પ્રાર્થના !

આભાર... !

**☐ પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## તંત્રીસ્થાનેથી...

## આપણે કયાં જઈ રહ્યા છીએ ?

હુંનો વંટોળ માનવીને ગગને ચઢાવી શમી જાય છે અને પછી માનવી પાસે ભોંય ઉપર પટકાયા સિવાય અન્ય વિકલ્પ રહેતો નથી. ગામમાં ઘર નહીં, બજારમાં પેઢી નહીં, જંગલમાં જમીન નહીં અને પાસે કોડી નહીં તેનું નામ સાધુ. સદાચાર વિનાની સ્વતંત્રતા સ્વચ્છંદતાની જનેતા છે. પ્રલોભનોથી પથ ભૂલી ગયેલા અને પૂજ્યતા ખોઈ બેઠેલા પામર જનો પ્રસિદ્ધિ પાછળ પાગલ બની ઈશ્વરને સાધ્ય ન સમજતાં સાધન બનાવે છે. સાધુનો વેષ ધારણ કરી સમાજને ધૂતવાનો ધખારો અનાદિ કાળથી ચાલ્યો આવે છે. સીતાના અપહરણ માટે રાવણે સાધુનો વેષ ધારણ કર્યો હતો ને !

ખરા શબ્દોમાં સાચા સંતોની અમૃતવાણી ગૂંગળાઈ ગઈ છે, ગુરૂ ગુરૂ મટી ગોડફાધર બની બેઠા છે. સાદગી અને વૈરાગ્ય સાથે હવે તેમને સ્નાન કે સૂતકનો સંબંધ રહ્યો નથી. સાચા સંત આપણાં આંતરચક્ષુ પરથી પડદો હટાવી નેત્રોમાં તેજનું આંજણ કરે છે. આજના કહેવાતા સાધુઓ આપણા આંતરચક્ષુઓ પર પડદો પાડી અંધશ્રધ્ધા ફેલાવે છે. સરળતા અને સહદયતા સાથે તેમને જોજનો માઈલનું અંતર હોય છે. તેમના આશ્રમો ગુનેગારોનું સ્વર્ગ બને છે. પાખંડી ગુરૂભકતોના ટોળા અને ઘેટાંના ટોળાઓમાં કોઈ ખાસ અંતર રહ્યું નથી. રાજનેતાઓની મિલીભગતથી દેશ-વિદેશથી દાન-દક્ષિણાનો અવિરત સ્ત્રોત વહેતો રહે છે.

નેપથ્યમાં ધરબાયેલા ભગવાનની મૂર્તિ ધૂપસળીનો ધુમાડો સહન કર્યા કરે છે. ભગવાન ભુલાય છે અને પાખંડી પુજાય છે. પાખંડી ગુરૂઓની ઈચ્છાપૂર્તિ કરવામાં ધન્યતા અનુભવતા આધુનિક સ્ત્રી-પુરૂષ ભકતોને જયારે સત્ય-તથ્ય, સાચી હકીકતનું ભાન અને પરિસ્થિતિ સમજાય છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. શકિત-આશકિત વચ્ચેના ભેદભરમો જાણવાના, સમજવાના અને સમજાવવાના પ્રયત્નો સતત કરતાં રહેવામાં જ સૌનું શ્રેય છે. સંતના સ્વાંગમાં શેતાનને પાઠ ભણાવવાનો સમય આવી ગયો છે. નિયતિ અને અજ્ઞાનતા, મજબુરી અને સ્વાર્થ સાધવા પોતપોતાની જગ્યાએ અવિરત કાર્યરત છે. નિર્ણય આપણે જ લેવાનો રહે છે.

અસામાન્ય લોભ, મોહ, માયા અને વાસનાથી ખદબદતા તગડા ધુતારાઓ થકી અસ્તિત્વમાં આવતા આશ્રમો અઢળક નાણાંનો સ્ત્રોત ખેંચી લાવે છે અને મુર્ખ માનુનીઓ, શિષ્યાઓ આકર્ષાય છે. એકલતાના અતિરેક જેવા આશ્રમમાં અટૂલા ઓરડા અને ભોંયરા રહસ્યમય શૃંગારનું ઉપસ્થાન બની રહે છે. ધૂતારા સ્વામીઓની વિચારહિનતાનો મહોત્સવ જામે છે. નાબાલિગ યુવતીઓ તથા સ્ત્રીઓનું શોષણ તેમની ઈચ્છાથી કે ઈચ્છા વિરૂધ્ધ થતું રહે છે. મહાત્મા બની બેઠેલા લંપટ આત્માઓનો જય જયકાર બોલાય છે. શકિત-આશકિતની ભેદરેખા ભૂંસાઈ જાય છે. દિવસના એકાંતની એકલતામાં કે રાત્રીના અંધકારના ઓછાયામાં કેટલીયે જિંદગીઓ બરબાદ થઈ જાય છે. દુરાચાર-જાતિય સતામણી, બળાત્કાર, હાઈપ્રોફાઈલ સ્કેન્ડલ, યૌન શોષણ વિગેરે માઝા મૂકે છે.

વ્યકિત, વ્યથા કે વેદનાને વ્યકત કરી શકતી નથી. વાસનાના શિકારમાં રાચતા કહેવાતા ધૂર્ત સ્વામીઓના મુખ પર બ્રહ્મચર્યનું તેજ સમજી પાવન થવા મથતી બાળાઓને રાતવાસી, પતિતા બનાવવાના જાણે આવા સાધુઓને પરવાનો ન મળ્યો હોય ! આવા ભ્રષ્ટ ધર્માત્માઓ વચ્ચે અંધશ્રધ્ધા ધરાવતી પ્રજાના ભવિષ્યની કલ્પના અરેરાટી બોલાવવા સક્ષમ છે. આપણે કયાં જઈ રહ્યા છીએ ?

**☐ સંપાદક સમિતિ**

## વાચકનો પત્ર...

# ઋણ સ્વીકાર અને વટવૃક્ષનો વિસ્તાર

૬૫ વર્ષ પૂર્વે મુંબઈ આવવાનું થયું ત્યારે મુંબઈમાં ક્યાં પગ મૂકવો તેની મુંઝવણ હતી. તે વખતે જ શ્રી પાટણ જૈન મંડળના મકાનમાં રહેતા સ્વરૂપચંદ પૂનમચંદ શાહના બ્લોકમાં રહેવાનું મળ્યું. ક્રમે ક્રમે મુંબઈમાં સ્થિર થવાયું. આવી રીતે પાટણથી ઘણાં ભાઈઓ મુંબઈ આવતા થયા અને મુંબઈમાં સ્થાયી થયા. આજે લગભગ ૨૫૦૦ કુટુંબો પાટણના મુંબઈ વસે છે. તેમાં ૭૦% આ રીતે સ્થિર થયા છે. આ મુંબઈમાં પાટણના સમાજની જે જાહોજલાલી છે તેના મૂળમાં-શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિઓ, આર્થિક સહકાર પણ એક કારણ ગણી શકાય.

વાત્સલ્યભાવથી શ્રેષ્ઠીવર્યો શ્રી ખૂબચંદ સ્વરૂપચંદ આદિ મહાનુભાવોના આર્થિક સહકારથી શ્રી પાટણ જૈન મંડળ-મુંબઈમાં ઉચ્ચ ગણાતા એરિયામાં મકાનો બાંધ્યા.

વર્ષે વર્ષે શ્રી પાટણ જૈન મંડળની વિવિધ પ્રવૃત્તિ વડલાની જેમ વિસ્તરતા પામતી ગઈ ને સમાજને ભૌતિક ઉત્થાન કરી ઊંચાઈએ પહોંચાડી દીધો.

પાટણ સમાજના ઉદાર દિલના દાતાઓના બહુ સારો આર્થિક સહકાર આપી રહ્યા છે. જેથી શ્રી પાટણ જૈન મંડળ વિવિધ પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક કરી રહ્યું છે.

આ તકે શ્રી પાટણ જૈન મંડળના ભૂતકાળના કાર્યકર્તાઓને અને હાલના કાર્યકર્તાઓને ધન્યવાદ આપું છું અને અનુમોદના કરું છું તેવી રીતે પાટણ જૈન મંડળ પાટણ સમાજનું અધ્યાત્મિક ઉત્થાન કરવા માટે કટિબદ્ધ બનવું જોઈએ.

શ્રી પાટણ જૈન મંડળનું પ્રતિક જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે તેજ આપણાં બધાનું અંતિમ લક્ષ રહેવું જોઈએ. તેના વિના બધું અધૂરું છે. અધ્યાત્મિક વિકાસ આડે બાધક પ્રવૃત્તિઓને વહેલી તકે બંધ કરવી જોઈએ.

વડલાની જેમ વિસ્તાર પામતી મંડળની પ્રવૃત્તિઓ વિસ્તાર પામતી રહે. પાટણ સમાજને હજુ વધારે સહાયક થતી રહે એજ અભ્યર્થના. પાટણ જૈન મંડળનો હું ઋણ સ્વીકારતા ધન્યતા અનુભવું છું.

પાટણના સમાજના અધ્યાત્મિક વિકાસમાં પાટણ જૈન મંડળ સહાયક બની રહે એજ અભિલાષા.

☐ **શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ** (ખેતરવસી)

## કાળધર્મ

**મુનિશ્રી મનોગુપ્ત વિજયજી મહારાજ સાહેબ** પાટણ ભાભાના પાડાના (સંસારી નામ મહેન્દ્રભાઈ) તેમના સંયમ જીવનના ૬૧ વર્ષ પૂરા કરી કારતક વદ ૪ના ગુરૂવારના દિવસે નવકાર મંત્રનું સ્મરણ કરતા અમદાવાદ, સાબરમતી-પુખરાજ રાયચંદ જૈન ઉપાશ્રય ખાતે કાળધર્મ પામ્યા છે. આચાર્ય ભગવંત નરચંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં આ. ભ. શ્રી વિજય રાયચંદ્ર સૂરીશ્વરજી મહારાજની આજ્ઞામાં તેમના સંયમજીવનના ૬૧ વર્ષ દરમ્યાન ૧૦૮ આયંબીલી ઓળી તેમજ બીજા તપ નવપદની ઓળી વિગેરે તપસ્યા કરેલ હતી.

# શુભ વિવાહ

**સંવત ૨૦૭૦ કારતક વદ-૨ મંગળવાર, તા. ૧૯૧૧-૨૦૧૩**

શ્રી નૈનેશભાઈ જયંતીલાલ શાહના સુપુત્ર ચિ. **જિનાંગ** (—)

શ્રી અતુલભાઈ રવીન્દ્રભાઈ શાહની સુપુત્રી ચિ. **નિધી (કનાસાનો પાડો)**

**સંવત ૨૦૭૦ કારતક વદ-૧૧, શુક્રવાર, તા. ૨૯-૧૧-૨૦૧૩**

શ્રી પંકજભાઈ રમણલાલ શાહના સુપુત્ર ચિ. **તેજસ** (ખજુરીનો પાડો)

શ્રી નરેન્દ્રભાઈ નાથાલાલ મહેતાની સુપુત્રી ચિ. **આરતી** (—)

શ્રી બિપીનભાઈ રતિલાલ શાહના સુપુત્ર ચિ. **અમીષ** (મારફતીયા મહેતાનો પાડો)

શ્રી હેમેન્દ્રભાઈ કેશરીચંદ ઝવેરીની સુપુત્રી ચિ. **જિગીષા** (સુરત)

**સંવત ૨૦૭૦ કારતક વદ ૧૨, તા. ૩૦-૧૧-૨૦૧૩**

શ્રી ધીરેનભાઈ ચંદ્રકાન્ત શાહના સુપુત્ર ચિ. **વિશાલ** (પોળની શેરી)

શ્રી સંદીપભાઈ કનુભાઈ શાહની સુપુત્રી ચિ. **આશના** (પાલનપુર)

**સંવત ૨૦૭૦ માગસર સુદ ૧ શુક્રવાર, તા. ૩-૧૨-૨૦૧૩**

શ્રી અજીતભાઈ સારાભાઈ શાહના સુપુત્ર ચિ. **દર્શન** (વાસુપુજ્યની શેરી)

શ્રી હર્ષદભાઈ પનાલાલ શાહની સુપુત્રી ચિ. **બીજલ** (કેશુશેઠનો પાડો)

# આવિષ્કરણ

*શિખરની ટોચ પર કલાત્મક નકશીદાર*
*કારીગરીથી શોભતું જિનાલય*
*ગર્ભગૃહમાં બિરાજીત દેવોના દેવને*
*શોભાયમાન કરતું...*
*એની આરસની થાંભલીઓ પર*
*કોતરાયેલા બેનમૂન શિલ્પો*
*આ સુંદર રચનાને જોતાં જ*
*ભાવજગત નાચી ઊઠે*
*એના ઘુમ્મટ પર વિવિધ અંગભંગીઓ*
*દર્શાવતી અપ્સરાઓ*
*ગોખલાઓમાં ઝળહળતા દીપકો*
*મધુર ઘંટારવ, ફરકતી ધજા...*
*અંદર પ્રવેશતાં પહેલાં જ શિષ ઝૂકે*
*કૂતુહલ...વિસ્મય...ભક્તિ...જાગે !!*
*કોણ હશે આ મહામાનવ... ?*
*જેની સામે સ્વર્ગની સુંદરીઓ નાટારંભ કરે*
*આખા જગત દ્વારા પૂજિત*
*છતાંય ન ચલિત*
*પ્રાણથી છલોછલ પરમાત્મા....માત્ર જીવન....*
*શરણાગતિ, પવિત્રતા અને મુક્તિનું દાન દેનાર*
*એ પરમપદનું આદિનાથમાં*
*આવિષ્કરણ અહીં થયું છે.....*
*એમની શાશ્વતતાનું જીવંત આવિષ્કરણ અહીં થયું છે...*

(શત્રુંજયની ભાવયાત્રા કરતાં)

☐ **શ્રીમતી ફાલ્ગુની શાહ**

## પાટણમાં દિશાનો ફીઝીયોથેરાપી કેમ્પ

તા.૨૦-૧૧-૨૦૧૩ ના રોજ ગુજરાત મેલ દ્વારા પ્રયાણ કરીને સૌથી પહેલાં ભોયણી, મલ્લીનાથ ભગવાનની જાત્રા બાળકોને કરાવી.

ત્યારબાદ રાતેજ જાત્રા માટે ગયા. જયાં પહાડમાંથી નેમનાથ ભગવાન, અઢાર પ્રતિમાજી સાથે સાક્ષાત એવા સરસ્વતી દેવીની પ્રતિમા છે.

તા.૨૧-૧૧-૨૦૧૩ ના રોજ રાત્રે પાટણ પહોંચ્યા. ૨૨ મીએ બાળકો માટે જયુટ બેગની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. તેમાં દીપુબાના હસ્તે શ્રી અંકિત યશમુખભાઈ શાહને પ્રથમ ઈનામ આપવામાં આવેલ. ત્યારબાદ આપણા વર્કશોપના જ વિદ્યાર્થી શ્રી કેયુર પટેલના પિતાશ્રી પશાભાઈ પટેલના ફાર્મ પર બધા બાળકોને લઈ જવામાં આવ્યા. જે પાટણથી લગભગ ૨૦ કીલોમીટર દૂર, તેમની સુંદર આગતા સ્વાગતા અને ગરમા-ગરમ ભોજન ખરેખર અદ્દભુત હતું. ત્યાં તેમનું મંડળવતી ચાંદીની લગડીથી બહુમાન કરવામાં આવ્યું. પગથી ડગુમગુ ચાલતા, કમરથી વળી ગયેલા ઘસડાતા વૃધ્ધોને જોયા ત્યારે જ થયેલું કે માદરે વતન પાટણ પ્રત્યેના પ્રેમ અને ફરજ બજાવવાનો ફીઝીયોથેરાપી, મેડીકલ કેમ્પ જેવા બીજો કોઈ વિકલ્પ નથી. આ વિચારને મૂર્તિમંત કરવા નામ ન આપવાની શરતે સમાજમાં જ એક ઉદારદિલ દાતા મળતા, આ સેવાકીય પ્રોજેકટ સાકાર થઈ શકયો. તેમની ઉદાહરણીય સખાવત બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો.

શ્રી પાટણ જૈન મંડળના ૧૦૧ વરસની ઉજવણી નિમિત્તે દિશા વિકલાંગ ઉત્કર્ષ સમિતિના ઉપક્રમે અને એક સદ્દગૃહસ્થ પરિવારના સૌજન્યથી પાટણ ખાતે પંચાસર ધર્મશાળાના પરિસરમાં ફીઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૧૨૦૦ જેટલા વ્યકિતઓને ટ્રીટમેન્ટ કમર-ગળા અને ઢીંચણના પટ્ટા તથા કેલ્શિયમની દવા તથા પેઈન કીલર રીલીફ ક્રીમ જરૂરિયાત મુજબ વિનામૂલ્યે આપવામાં આવી.

આ કેમ્પને શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. દીપુબા દેવડાના હસ્તે દીપપ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

પાટણના ડૉ. જીગર પટેલના નેતૃત્વ હેઠળ ડૉ.જયદીપ બારોટ, ડૉ. ઉન્નતિ બારોટ, ડૉ. ઉષ્મા મહેતા, ડૉ. સ્વીટી ગુપ્તા, ડૉ.રેહાન વિગરે એ સેવા આપી હતી. ખૂબ ખૂબ આભાર. વિદ્યાલયના આચાર્ય ડૉ.બળવંતભાઈએ આપણાં વર્કશોપની મુલાકાત લઈ તેની કામગીરીને બિરદાવેલ.

શ્રી પાટણ જૈન મંડળના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તરફથી વિકલાંગ ઉત્કર્ષની આ યજ્ઞમાં સેવા આપનાર સર્વેને મોમેન્ટો તથા સર્ટીફીકેટ એનાયત કરી અભિવાદન કરવામાં આવ્યું. સૌના સ્નેહી શ્રી જે.કે. સાહેબના માર્ગદર્શનથી તો અમોને હિંમત મળે છે.

શ્રી પાટણ જૈન મંડળના ૧૦૧ વર્ષની ઉજવણી આ કેમ્પ દ્વારા પાટણ ગામમાં થઈ શકી તેનો આનંદ છે. ત્યાંના ઘણાં વ્યકિતના મોઢામાંથી પ્રશંસાના શબ્દો નીકળી રહ્યા છે.

### શ્રી વિલેપાર્લે પાટણ જૈન મિત્રમંડળ

શ્રી વિલેપાર્લે પાટણ જૈન મિત્રમંડળ દ્વારા રવિવાર, તા.૧૨-૦૧-૨૦૧૪ ના શ્રી નવીનભાઈ ઠકકર સભાગૃહ, સવારે ૯.૦૦ વાગે વાર્ષિક સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં મિત્રમંડળના સર્વે સભ્યોને પધારવા જણાવેલ છે.

## ધબકાર

અઢળક સ્મૃતિઓ બની હમસફર,
અગણિત વાયદા કર્યા જીવનભર,
ક્યારેક એક તો પાળી જોઈએ !

કોઈ છીનવી જાશે રાખી બેખબર,
સરિયામ સન્નાટે પાગલ પાનખર,
હૈયાની આગ ઠારી જોઈએ !

શાને રાખીએ અહમ્ અપરંપાર,
આંધિ સરજે છે વિનાશ બેશુમાર,
હૈયે દીપ પ્રગટાવી જોઈએ !

પરિમલ પુષ્પોની પ્રસરે પારાવાર,
ચાતક ઝંખે વર્ષા, પારેવા પરિવાર
શ્રદ્ધા ને વિશ્વાસ રાખી જોઈએ !

યાતાયાત પવનની બધે જોરદાર,
થકાવટ ચહે વિસામો હવે વારંવાર,
ચાલ પ્રયત્નો તો કરી જોઈએ !

વરસાદ તો વરસે અનરાધાર,
એ છે એનો સ્વભાવ, કહે જાણકાર,
સહારો કોઈકનો બની જોઈએ !

ધરા-આકાશ મળ્યા ક્ષતિજે પળવાર,
યુગોથી અંતરતળમાં પ્રેમ ધબકાર,
હવે તો એકાકાર થઈ જોઈએ !

મ.ને.


### લગ્નસંબંધી

Name : **DEEPESH AMIT SHAH (L.A.)**
Father's Name : Amit Ramanlal Shah (Chicago)
Mother's Name : Meena Amit Shah
Date of Birth : 29-04-1984; Mumbai
Patan Mohalla : Lakhiyarwado
Education : **Bachelor of Commerce (Marketing) USA**
Occupation : C.C.
(Construction & Development Inc.) L.A.
Address :1975, Windsong Drive, Schaumburg, Chicago. ILL-60194.
(Mobile) : 847-882-5828 – 9819363242
Email : mshah54@hotmail.com
Mumbai Contact No. : **22819207**

**Arriving in India December 2013 end**

Advt

# DETAILS OF CORPUS AND SAHAY FOR MEDICAL

| FUNDS & DONORS' NAME | As on 30/11/13 | Eight Months Sahay Details up to 30/11/2013 | | |
|---|---|---|---|---|
| | Corpus Rs.in Lacs | Appli. Recd | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
| **Medical Relief** | | 62 | 16.17 | 7.07 |
| Smt.Sudhaben Pannalal Chudgar | 37.50 | | | |
| **Medicine Distribution (Against Prescription)** | | 214 | 7.26 | 4.74 |
| **Mother & Child Health Care** | | 3 | 1.04 | 0.56 |
| Smt Subhadraben Vrajlal Ambalal Shah | 9.30 | | | |
| **Pediatric Treatment** | | 1 | 0.12 | 0.10 |
| Smt Madhurikaben Narendrabhai Shah | 16.00 | | | |
| **Neurological** | | | | |
| Smt.Sushilaben Kantilal Nagardas | 5.51 | 2 | 0.60 | 0.30 |
| **Kidney Treatment** | | 6 | 7.23 | 2.04 |
| Shri Champaklal Mafatlal Chudghar | 12.50 | | | |
| **Cancer Medical Relief** | | 7 | 3.78 | 1.86 |
| Jabhalawala Pariwar | 18.64 | | | |
| Shri Kirtilal Somchand Shah | 8.01 | | | |
| Cancer Fund General ( Mandal) | 0.50 | | | |
| **Cancer Surgery** | | | | |
| Shri Chandrakumar Manilal U. Zaveri (SAHEBA) | 11.11 | | | |
| **Eye Check-up** | | 9 | 1.90 | 0.89 |
| Smt. Maniben Amrutlal J.Shah (Pattni Opticians) | 6.75 | | | |
| **Heart care Relief** | | 19 | 6.19 | 3.91 |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust | 23.06 | | | |
| Smt Subhadraben Ramanlal Shah Char. Trust | 10.11 | | | |
| **Mediclaim Policy Premium Valtar** | | 241 | 8.67 | 2.86 |
| Shri Bhogilal Chunilal Javeri | 15.00 | | | |
| Shri Devchand Nagardas Zaveri | 11.00 | | | |
| Mediclaim Fund General ( Mandal) | 1.11 | | | |
| **Orthopedic** | | 8 | 1.68 | 1.14 |
| Smt. Kalavati Kantilal M. Chudgar | 10.29 | 1 | 0.53 | 0.35 |
| **ENT Treatment** | | | | |
| Gulabben Ramanlal Shah | 25.00 | | | |
| **Diabetes** | | 12 | 1.96 | 0.89 |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust | 7.51 | | | |
| **Dialyses (Kidney)** | | 2 | 0.17 | 0.03 |
| Nirmalaben Ravindrabhai M. Shah | 21.00 | | | |
| **Dental Surgery** | | 8 | 0.95 | 0.39 |
| Shri Harsukhlal Bapulal Shah & Rasilaben Harsukhlal Shah | 25.00 | | | |
| **Investigation Diagnosis** | | 68 | 1.99 | 1.05 |
| Smt Subhadraben Ramanlal Shah Char. Trust | 5.51 | | | |
| Shri Ramanlal Popatlal Shah Charitable Trust | 5.51 | | | |
| **Medical Shay Fund General ( Mandal )** | 92.04 | | | |
| **TOTAL** | **377.96** | **663** | **60.24** | **28.18** |

* *Yearly interest income @8.75% of the Rs.377.96 lacs corpus fund will be Rs.33.07 lacs while sahay given in eight months Rs.28.18lacs plus administrative expenses Rs. 6.61 lacs.*
* *To meet the above deficit, corpus fund is required to be increased.*

# DETAILS OF CORPUS AND SAHAY FOR EDUCATION

| | As on 30/11/13 | Eight Months Sahay Details up to 30/11/2013 | | |
|---|---|---|---|---|
| | Corpus Rs. in Lacs | Appli. Recd | Requirement Rs.in Lacs | Sanction Rs.in Lacs |
| **Std. I to IV** | | | | |
| Smt. Lilavatiben Khoobchand S Shah | 10.18 | 32 | 4.55 | 0.96 |
| **Std. V to Graduation & Text book** | | | | |
| Sevantilal Kantilal Trust | 100.08 | 178 | 17.16 | 9.50 |
| Deepakbhai Champaklal Zaveri | 8.00 | | | |
| **Higher Education Books** | | | | |
| Shri Vadilal Chunilal Shah | 7.50 | 6 | 0.11 | 0.10 |
| **Post Graduation Education** | | | | |
| Shri Amrutlal Mulchand Shah | 10.51 | 8 | 1.73 | 0.65 |
| **Information Technology.** | | | | |
| Shri Pankaj Chandrakumar. M. Zaveri (Saheba) | 7.56 | 11 | 7.24 | 2.31 |
| **Computer Education** | | | | |
| Shri Popatlal Bhikachand Zaveri. | 6.50 | 5 | 0.79 | 0.32 |
| **Vocational Course** | | | | |
| Smt.Hasumatiben Rameshchandra B. Shah | 25.11 | 2 | 1.52 | 0.35 |
| **Business & Management** | | | | |
| Shri Jagdishbhai Manilal Sanghavi | 15.00 | 12 | 3.08 | 1.86 |
| **Post-Graduation Merit Scholarship & Prize** | | | | |
| Keshavlal Kilachand Charitable Trust | 2.00 | 2 | 0.00 | .20 |
| **Tutorials class Education** | | | | |
| Shri Yashvadan Jesinglal Choksi | 8.03 | 53 | 15.56 | 6.16 |
| Smt.Kusumben Rasiklal H. Shah | 22.11 | | | |
| **C.A.** | – | 19 | 5.03 | 2.32 |
| **Company Secretary** | – | 10 | 2.33 | 1.37 |
| **Finance** | – | 2 | 0.52 | 0.25 |
| **Engineering** | | | | |
| Smt. Gunvantiben Pravinchandra K Shah | 25.11 | 23 | 18.58 | 6.73 |
| **Women Udhyam Talim** | | | | |
| Smt. Nirmalaben Shantilal R Shah | 8.78 | | | |
| **Medical Education** | | | | |
| Pramodbhai Bhogilal Zaveri | 25.00 | | | |
| **Hostel Fee:** | - | 4 | 1.22 | 0.70 |
| @ **Shikshan Sahay Fund General (Mandal)** | **109.10** | | | |
| **Grand Total** | **390.57** | **367** | **79.42** | **33.78** |
| **Revolving Fund : INTEREST FREE ( Education ) Loan** | **106.90** | **15** | **74.28** | **20.60** |

✷ *Yearly interest income @8.75 % of the Rs.390.57 lacs corpus fund will be Rs.34.17 lacs while sahay given in 8 months Rs.33.78 lacs plus administrative expenses Rs. 6.75 lacs.*

✷ *To meet the above deficit, corpus fund is required to be increased.*

# DETAILS OF CORPUS AND SAHAY FOR SENIOR CITIZEN

| FUNDS & DONORS' NAME | As on 30/11/13<br>Corpus Rs.in Lacs | Eight Months Sahay Details up to 30/112013<br>Appli. Recd | Sanction Rs.in Lacs |
|---|---|---|---|
| Shri Kesarichand Jesinglal Shah | 20.67 | | |
| Smt Kantaben Chimanlal Shah | 7.50 | 114 | 8.21 |
| Kalaben Laxmichand Zaveri | 7.50 | | |
| Senior Citizen Fund Mandal | 61.34 | | |
| Grand Total | 97.01 | | |

* Yearly interest income @8.75% of the Rs.97.01 lacs corpus fund will be Rs. 8.49 lacs while sahay sanctioned Rs.8.21lacs plus administrative expenses Rs.1.70 lacs.
* To meet the above deficit, corpus fund is required to be increased.

# DETAILS OF CORPUS AND SAHAY FOR VIKLANG SAHAY

| | | | |
|---|---|---|---|
| Shri Alkesh Badrakumar Shah Memorial Trust | 9.05 | 29 | 2.93 |
| Shri Panalal Mafatlal Chudgar Cheritable Trust | 11.70 | | |
| Smt. Niruben Sevantilal D. Shah | 7.62 | | |
| Viklang Utkarsh Fund Mandal | 36.13 | | |
| Grand Total | 64.50 | | |

* Yearly interest income @8.75% of the Rs.64.50 lacs corpus fund will be Rs.5.64 lacs while sahay given in six months Rs. 1.62 lacs plus administrative expenses Rs.1.13 lacs.

# DETAILS OF CORPUS AND SAHAY FOR ARTHIK / BHADA SAHAY

| | | | |
|---|---|---|---|
| Aarthik Sahay : Smt. Motiben Manilal Zaveri | 18.94 | 85 | 4.53 |
| Bhada Sahay | | 94 | 2.99 |
| Hansaben Rameshchandra Chabildas Pariwar | 7.50 | | |
| Aarthik Sahay Fund Mandal | 33.88 | | |
| Grand Total | 60.32 | | 7.52 |

* Yearlyinterest income @8.75% of the Rs.52.82 lacs corpus fund will be Rs.5.28 lacs while sahay sanctioned Rs.7.52 lacs plus administrative expenses Rs.1.05 lacs.
* To meet the above deficit, corpus fund is required to be increased.

# DETAILS OF CORPUS AND SAHAY FOR MAHILA UTKARSH

| | | | |
|---|---|---|---|
| Late Kanchi Jatinkumar Zaveri (Sheba) | 14.52 | 42 | 2.99 |
| Mahila Utkarsh Fund Mandal | 2.80 | | |
| Grand Total | 17.32 | | |

* Yearly interest income @8.75% of the Rs.17.32 lacs corpus fund will be Rs.1.52 lacs while sahay sanctioned Rs.23.27 lacs plus administrative expenses Rs. 0.30 lacs.
* To meet the above deficit, corpus fund is required to be increased.

# SHREE PATAN JAIN MANDAL

77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI - 400 020.

## AWARD DISTRIBUTION FUNCTION -YEAR 2012-13

Sunday, 24th November, 2013

### PATAN PRATIBIMB - 2013 (34th Year)

SHRI NEMCHAND JESHANGLAL SHAH (GUNDERWALA) SAHITYA PRIZE

**( Judge : Shri Mukeshbhai Joshi )**

| | | | |
|---|---|---|---|
| First : | **Shri Pratapbhai Surajmal Shah** | | **Malad Koka no Pado** |
| | ના કોઈ ઓળખે લગાર | | July-2013 |
| Second : | **Shri Urvi Jhaveri** | **Nepean Sea Road** | **Kumbhriya Pado** |
| | દર્દીને મળવા જાવ ત્યારે..... | | June-2013 |
| Third : | **Miss Reva Rahul Chodhari** | **Tardev** | **Chodhari ni Sheri** |
| | **"The Ancient Olympic Games...."** | | May - 2013 |

SHRI KESHAVLAL KILACHAND CHARITABLE TRUST

POST GRADUATE MERIT SCHOLARSHIP

**(Rs. 10,000/- Each Student)**

(1) **Sonia Kaushikbhai Kantilal Shah** Chowpaty Dhandher Vado
Last Exam : The Master of Management Studies 73.44 %
Current Study : Ph. D. Management, Sydenham Institute, Churchgate

(2) **Dr. Hardik Rajeshbhai Cimanlal Shah** Jhaveri Bazar Mahalaxmi Mata no Pado
Last Exam : M.B.B.S. : 66.00 %
Current Study : D.N.B. (General Medicine), Gaziyabad

## EDUCATIONAL PRIZE (2012-2013)

S.S.C. / I.C.S.E. / C.B.S.E. / Std. 10TH

**Smt. Smitaben Vikramkumar Dawavala Marriage Prize / Smt. Nirmalaben Sevantilal Jhaveri Gujrati Prize & Shri Harshit Bharatkumar Shah English Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | Parth Dipen Sudhir Choksi | ICSE | 95.20 | Juhu | Dank Mehta no Pado |

**1st Highest in Std. 10th /1st Highest in Gujarati (100-97) /1st Highest in English (100-92)**
**Shri Mohanlal Sakarchand Prize / Shri Halabhai Maganlal Girls Student Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | Dhriti Anil Pratapchand Shah | SSC | 94.18 | Gowalia Tank | |

**2nd Highest in Std. 10th Shri Harshit Bharatkumar Shah English Prize /**
**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | Manas Bhavesh Navinchandra Shah | ICSE | 94.02 | Gowalia Tank | Khetar vasi |

**1st Highest in English (100-92) :**
**Shri Harshit Bharatkumar Shah Science Prize / Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 4 | Nishi Vipul Dineshchandra Shah | SSC | 94.00 | Marine Lines | Dhandher Vado |

**1st Highest in Science (100-98)**
**Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize**
**Shri Harshit Bharatkumar Shah English Prize / Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | Yash Chirag Dineshchandra Shah | ICSE | 93.80 | Marine Lines | Sidhachakra ni Pol |

**1st Highest in Maths (100-98) / 1st Highest in English (100-92)**
**Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize / Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 6 | Dharni Dhiren Chimanlal Shah | SSC | 93.09 | Bhayandar | Kesuseth no Pado |

**1st Highest in Maths (150-147. 98 %)**
**Shri Harshit Bharatkumar Shah Science Prize / Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 7. | Saloni Devang Prafulbhai Shah | ICSE | 93.04 | Vileparle | Bhabha no Pado |

**1st Highest in English (100-92)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 8 | Nigam Shailesh Fatehchand Shah | ICSE | 93.04 | Goregaon | Tamboli Vado |

**1st Highest in English (100-92)**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 9 | Charmi Hiren Sumanbhai Chokshi | SSC | 92.16 | Ahmedabad | Khetarvasi |
| 10 | Yashvi Sanjay Rameshchandra Shah | CBSE | 92.08 | Gowalia Tank | Dank Mehta no Pado |
| 11 | Chaitya Rajiv Mangalbhai Shah | ICSE | 92.06 | Gowalia Tank | Lakhiyar Vado |

**Shri Harshit Bharatkumar Shah English Prize / Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 12 | Tanvi Samir lalitbhai Shah | ICSE | 92.04 | Goregaon | Dhandher Vado |

**1st Highest in English (100-92)**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 13 | Tanvi Deepak Narendra Shah | ICSE | 92.04 | Marine Drive | Kanasa no Pado |
| 14 | Zeal Nilesh Jaykumar Shah | ICSE | 91.40 | Goregaon | Vakhatji ni Sheri |
| 15 | Labdhi Nilesh Kantilal Shah | SSC | 89.82 | Bhayandar | Khadakhotadi no |

**Shri Harshit Bharatkumar Shah Science PrizE / Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 16 | Dhwani Ketan Bhagubhai Shah | SSC | 88.91 | Gowalia Tank | Vakhatji ni Sheri |

**1st Highest in Scienc**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 17. | Ashmi Milan Vipinchandra Shah | SSC | 88.91 | Malad | Koka no Pado |
| 18 | Utsav Parag Girdharlal Jhaveri | SSC | 88.73 | Kemps Corner | Jhaveri Vado |
| 19 | Parakh Rakesh Chinubhai Shah | SSC | 87.27 | Matunga | Kasumbiya Vado |
| 20 | Jimit Sanjay Vinodchandra Shah | SSC | 86.18 | Ghatkopar | Vakhatji ni Sheri |
| 21 | Krina Nikesh Ratilal Shah | SSC | 86.18 | Dahisar | Kanasa no Pado |
| 22 | Vyoma Manish Dhirajlal Shah | SSC | 85.16 | Gandhinagar | Khejda no Pado |
| 23 | Creamy Ketan Navinchandra Shah | SSC | 84.73 | Vasai | Kumbhariya Pado |
| 24 | Hritik Vinod Jasvantlal Shah | SSC | 84.00 | Goregaon | Marfatiya Mehta no Pado |
| 25 | Rujul Ashit Vijaykumar Zaveri | SSC | 81.00 | Borivali | Khejda no Pado |

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 26. | Hemang Hitesh Bhupendra Shah | CBSE | A1 | Chennai | Khetarvasi |
| 27 | Jahnavi Uday Mahasukhlal Shah | CBSE | A1 | Kolkata | Khetarvasi |

## Commerce Std. 12

**Shri Yashvadan Jeshinglal Chokshi Prize / Miss Khushboo Kartik Navinchandra Shah Maths Prize**

**Miss Khushboo Kartik Navinchandra Shah Account (B.K.) Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | Manan Pratik Chinubhai Shah | HSC | 89.00 | Borivali | Tamboli Vado |

**1st Highest Marks in Std.12th / Highest Marks in Maths (100-98) / Highest Marks in Accounts (B.K.) (100-99)**

**Shri Yashvadan Jeshinglal Chokshi Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | Chandani Devesh Rameshbhai Shah | HSC | 88.33 | Chopaty | Vakhatji ni Sheri |


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

advt

**2nd Highest Marks in Std. 12th**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | Riya Nimesh Nalinbhai Shah | HSC | 87.50 | Walkeshwar | Koka no Pado |
| 4 | Vidhi Dhiren Pravinchandra Shah | HSC | 85.17 | Vileparle | Khetarvasi |
| 5 | Dhavja Sharad Bhagubhai Shah | HSC | 83.67 | Grant Road | Vakhatji ni Sheri |
| 6 | Akash Amit Vardhmanbhai Shah | HSC | 83.50 | Dadar | Keshuseth no Pado |
| 7 | Jainy Samir lalitbhai Shah | HSC | 83.33 | Goregaon | Dhandher Vado |
| 8 | Foram Kalpesh Kantilal Chawalla | HSC | 78.33 | Gowalia Tank | Rajka Vado |
| 9 | Ami Jikesh Girdharlal Shah | HSC | 76.50 | Kandivali | Chodhari ni Sheri |
| 10 | Henal Hemant Jitendra Shah | HSC | 72.50 | Marine Drive | Vakhatji ni Sheri |
| 11 | Jaini Paras Rameshchandra Shah | HSC | 70.50 | Bhayandar | Kanasa no Pado |

**Shri Manekchand Gabharuchand Gujarati Prize / Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 12 | Shreyansh Piyush Balchand Shah | HSC | 66.17 | Mira Road | Jhaveri Vado |

**Highest Marks in Gujarati (100-76)**

## Science Std. 12

**Sevantilal Kantilal Trust Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 13 | Vatsal Hitesh Bhupendra Shah | CBSC | 92.04 | Chennai | Khetarvasi |

**1st Highest Marks in Std. 12th**

**Shri Nipun Kapurchand Sonawala Prize / Smt. Mrudulaben Navinchandra Dawavala Maths Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 14 | Parin Rajesh Suresh Jhaveri | HSC | 90.17 | Vileparle | Jhaveri Vado |

**2nd Highest Marks in Std. 12th / Highest Marks in Maths (100-98)**

**Shri Jivibai Laherchand Kotawala Prize/ Shri Pravinchandra Chimanlal Kilachand Science Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 15 | Dhairya Jigar Chhotalal Salvi | HSC | 86.14 | Bhuj | Salvi Vado |

**3rd Highest Marks in Std. 12th Highest Marks in Science ( 91.33 % )**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 16 | Sahil Anil Vinodkumar Shah | HSC | 81.00 | Lamington Rd. | Khajuri no Pado |

## B.Com

**Shri Bapuben Keshavlal Hemchand Teliawala B.Com. Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1 | Chandani Sharadbhai Bhagubhai Shah | B.Com | 90.85 | Grant Road | Vakhatji ni Sheri |

**Smt. Bhagwatiben Mafatlal (Babubhai) Laxmichand Shah B.Com. (Account ) Prize**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 2 | Naysar Ronak Narendra Parikh | B.Com | 90.28 | Marine Drive | Kasumbia Vado |

**Highest Mark in Account (94.66 %)**

**Shree Patan Jain Mandal Merit Prize**

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | Viral Ketan Hasmukhlal Shah | B.Com | 89.71 | Goregaon | Khetarvasi |
| 4 | Ruchi Mukesh Shantilal Shah | B.Com | 86.57 | Andheri | Kasumbia Vado |


